**પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ**
**કોર્પોરેટ ઓફીસ, લક્ષ્મીનગર, નાના મવા મેઈન રોડ,**
**રાજકોટ–૩૬૦૦૦૪**

# : ટે ન્ડ ર :

## Tender No. PGVCL/Tech-2/ Photo Copy/2018-19/03

**વાર્ષિક ઝેરોક્ષ કામ રાખવા બાબત**
**(કોર્પોરેટ ઓફીસ – રાજકોટ માટે)**

**પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ**
**કોર્પોરેટ ઓફીસ, લક્ષ્મીનગર, નાના મવા મેઈન રોડ,**
**રાજકોટ–૩૬૦૦૦૪**

# ઝેરોક્ષ કામ રાખવા બાબત

## શે ડયુ લ – "એ"

### ભાવ પત્રક

| ક્રમાંક | કામની વિગત | જથ્થો | રૂા. પૈસા (જીએસટી સાથે નો ભાવ) |
|---|---|---|---|
| (૧) | અમારી કચેરીના લીગલ સાઈઝના કાગળનાં ઝેરોક્ષ કોપી કરવાનું કામ | ૧ કોપી | |
| (૨) | અમારી કચેરીના સ્ટેટમેન્ટ સાઈઝ જમ્બો કાગળ ઝેરોક્ષ કોપી કરવાનું કામ | ૧ કોપી | |
| (૩) | લીગલ સાઈઝનાં કાગળનું રીડકશન / એનલાર્જ કરી કોપી કરવાનું કામ | ૧ કોપી | |
| (૪) | સ્ટેટમેન્ટ સાઈઝ કાગળનું રીડકશન / એનલાર્જ કરી કોપી કરવાનું કામ. | ૧ કોપી | |
| (૫) | અમારી કચેરીનાં એ–૪ સાઈઝનાં કાગળનાં ઝેરોક્ષ કોપી કરવાનું કામ | ૧ કોપી | |
| (૬) | અમારી કચેરીનાં એ–૪ સાઈઝનાં કાગળનાં લેસર પેપરમાં ઝેરોક્ષ કોપી કરવાનું કામ | ૧ કોપી | |
| (૭) | અમારી કચેરીના લીગલ સાઈઝના કાગળનાં લેસર પેપરમાં ઝેરોક્ષ કોપી કરવાનું કામ | ૧ કોપી | |
| (૮) | સ્પાઈરલ બાઈન્ડીગ – એ–૪ સાઈઝ | ૧ કોપી | |
| (૯) | સ્પાઈરલ બાઈન્ડીગ – લીગલ સાઈઝ | ૧ કોપી | |

**કોન્ટ્રાકટર/સપ્લાયરની સહી તથા રબ્બર સ્ટેમ્પ**

## શે ડયુ લ – "બી"

**ઝેરોક્ષ કામ રાખવા માટેની શરતો :–**

(૧) ઝેરોક્ષ કામ માટેના જરૂરી સારી કવોલીટીનાં 'એ' ગ્રેડ પેપર મીલ કાગળ તમારે ખર્ચે વાપરવાનાં રહેશે. તમો કઈ મીલનો કાગળ વાપરશો તેની નોંધ ભાવ ભરતી વખતે શેડયુઅલ–એ માં આપવાની રહેશે.

(૨) ઝેરોક્ષ કામમાં દરેક નકલ સારી વંચાય તેવી ઝેરોક્ષ કોપી કરી આપવાની અથવા કરાવી આપવાની રહેશે. સારી કોપી અથવા સારા કાગળ નહીં હોય તો તેનું પેમેન્ટ ચુકવવામાં આવશે નહીં.

(૩) કોઈપણ કારણોસર તમારુ ઝેરોક્ષ મશીન બંધ હશે તો તમારા ખર્ચે બીજી જગ્યાએ ઝેરોક્ષ કરાવી આપવાની રહેશે અને તેનો ખર્ચ તમારે ભોગવવાનો રહેશે.

(૪) ઝેરોક્ષ કામની કામગીરી ઓફીસ ખુલ્લી હશે ત્યાં સુધી ગમે ત્યારે અરજન્ટ કામ માંગે કે ફોન કરે તો કરી આપવાનું રહેશે.

(૫) ઝેરોક્ષ કામનું બીલ દરેક માસ એટલેકે ૧ થી ૩૧તારીખ સુધીનું બીલ, માસની શરુઆતમાં બે દિવસમાં મુકવાનું રહેશે. પેમેન્ટ એડવાન્સ સ્ટેમ્પ રીસીપ્ટ આપ્યા બાદ એકાઉન્ટ પે ચેકથી કરવામાં આવશે.

(૬) ઝેરોક્ષ કામની કામગીરીનું કામ કર્યા પછી જે તે સેકશન હેડની રજીસ્ટરમાં કરેલ કામની વિગત લખી, કરેલ ઝેરોક્ષ સામે સહી લેવાની રહેશે.

(૭) ઓર્ડરની સમયમર્યાદા ૧૨ (બાર) માસની અથવા તો ઓર્ડર મુજબ રૂા. ૩,૦૦,૦૦૦/– ની મર્યાદામાં ***બે માંથી જે પહેલા પુરૂ થશે*** તે ગણતરીમાં લેવામાં આવશે.

(૮) પી.જી.વી.સી.એલ.ને કોઈપણ કારણ દર્શાવ્યા વગર કોન્ટ્રાકટ વચ્ચેથી રદ કરવાનો હકક અબાધીત રહેશે.

(૯) આ સિવાય અન્ય કોઈ મતભેદ ઉપસ્થિત થાય તો નીચે સહી કરનારનો નિર્ણય આખરી અને કોન્ટ્રાકટરને બંધનકર્તા રહેશે.

(૧૦) પ્રોવિડન્ડ ફંડના નંબર વાળા કોન્ટ્રાકટર પાસેથી ભાવ માંગવામાં આવે છે, જો પ્રોવીડન્ડ ફંડ લાગુ પડતો ન હોય તો રૂા. ૨૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર નોટીફાઈડ સોગંદનામું રજુ કરવાનું રહેશે.

(૧૧) ઝેરોક્ષ કામ જે અમારી પી.જી.વી.સી.એલ. કોર્પોરેટ ઓફીસ માટેનું છે, ઝેરોક્ષ કામ અમારી કચેરીમાં અમારી માલીકીની જગ્યામાં આપને ફાળવવામાં આવે તે જગ્યામાં તમારુ ઝેરોક્ષ મશીન, ટેબલ તેમજ અન્ય સાધનો અને સુવિધા તમારે લાવી, કરી આપવાનું રહેશે. ફકત પી.જી.વી.સી. એલ. તમોને જરૂરી પાવર પુરો પાડશે, પાવર અંગેનું કોઈપણ બીલ આપવામાં આવશે નહીં. જેથી તમારા ભાવમાં પાવર વપરાશ બાદ કરી સ્પર્ધાત્મક ભાવ આપવાના રહેશે, જગ્યા કોઈપણ જાતના ચાર્જ વગર આપવામાં આવશે, જે ઓર્ડર પુરો થતા આપોઆપ જગ્યા ખાલી કરી આપવાની રહશે.

(૧૨) તમોને ઝેરોક્ષ કામ માટે જે જગ્યા ફાળવવામાં આવે તે જગ્યાનો ઉપયોગ ફકત પી.જી.વી.સી.એલ. કોર્પોરેટ ઓફીસના ઝેરોક્ષ કામ માટે જ કરવાનો છે. બીજા કોઈ કામ માટે આ જગ્યાનો ઉપયોગ કરવાનો નથીં. તેવું જો માલુમ પડશે તો આગળની કાર્યવાહી કરવાની ફરજ પડશે.

(૧૩) તમારે પી.જી.વી.સી.એલ. કોર્પોરેટ ઓફીસ સિવાયનું કોઈપણ બહારનું કામ અહીંયા કરવાનું રહેતુ જ નથી.

(૧૪) જે વ્યકિત ઝેરોક્ષ કામ માટે અહીંયા કામ કરવાની હોય તેની પુર્વ મંજુરી લેવાની રહેશે. તેમજ તે વ્યકિતને આઈકાર્ડ આપવાનું રહેશે. આઈકાર્ડ ધરાવતી વ્યકિત સિવાય અન્ય કોઈને પ્રવેશ આપવામાં આવશે નહીં.

(૧૫) ઝેરોક્ષ કામ દરમ્યાન તમારા સાધન કે માણસને કોઈપણ જાતના અકસ્માતથી નુકશાન થશે તો તેની કોઈપણ જાતની જવાબદારી પી.જી.વી.સી.એલ.ની રહેશે નહીં.

(૧૬) ઝેરોક્ષ કામ માટે જે માણસ ફાળવવામાં આવે તે માણસે કોઈપણ જાતના કેફી પદાર્થ લાવવાના કે ઉપયોગમાં લેવાના નથી.

(૧૭) ઝેરોક્ષ કામ રાખનાર પાસે મોબાઈલ નંબર, અન્ય કોઈ કોન્ટેક નંબર હોવો જરૂરી છે.

(૧૮) રજા દરમ્યાન ઈમરજન્સીમાં બોલાવવામાં આવેતો તમારે ગમે ત્યારે આવવાનું રહેશે. આ સિવાય રજાના દિવસે આવવાનું નથી.

(૧૯) ઝેરોક્ષ કામ કરનારે અહીંયા સવારે ૧૦–૦૦ વાગ્યે અને સાંજે ૭–૦૦ સુધી રહેવાનું રહેશે. જમવા માટે બપોરે ૨–૦૦ થી ૨–૩૦ કલાકની રીશેષ રહેશે, સમય અંગે નીચે સહી કરનારનો નિર્ણય બંધનકર્તા રહેશે.

(૨૦) જગ્યા પી.જી.વી.સી.એલ.કંપનીની છે ઓર્ડર પુરા થતા અથવા નીચે સહી કરનાર જયારે પણ જણાવે ત્યારે તમારે જગ્યા ખાલી કરી તમારો માલ સામાન લઈ જવાનો રહેશે. આ અંગે કોઈપણ જાતનો તમારા તરફથી વિવાદ ઉભો કરવાનો નથી અને આ અંગે નીચે સહી કરનારનો નિર્ણય અંતીમ ગણાશે, નીર્ણય સામે તમે કોઈ વિવાદ ઉભો કરી શકાશે નહીં.

(૨૧) વિજ વપરાશ માટે ફકત તમારુ ઝેરોક્ષ મશીન સિવાય વધારાનો કોઈ વપરાશ કરી શકશો નહીં, જરૂરી સલામતી તમારા ખર્ચે ને જોખમે સાધનો વાપરવાના રહેશે.

(૨૨) જે કામ તમોને સોપવામાં આવે તેની પુરેપુરી ગોપનીયતા જાળવવાની છે.

(૨૩) ઝેરોક્ષનું કામ ઓફીસમાં જે તે વિભાગમાંથી લઈ જવાનું તેમજ આપી જવાનું રહેશે અથવા નીચે સહી કરનાર જે વ્યવસ્થા કરે તે રીતે કામ કરવાનું રહેશે. ઝેરોક્ષ કામની કાપલીમાં કોપીની સંખ્યા શબ્દ અને આંકડામાં લખવાની રહેશે / લખાવવાની રહેશે, તેમજ રીપીટ કરેલ આંકડાવાળી ચીઠ્ઠી ગણતરીમાં લેવામાં આવશે નહીં. દરરોજ થયેલ કામની કાપલીઓનો હિસાબ રાખવાનો રહેશે. કાપલીમાં કોઈજાતની ચેકચાક કે સુધારો હશે તો તે બીલમાંથી રદબાતલ કરવામાં આવશે.

(૨૪) ઝેરોક્ષ કામ માટે મદદગારીમાં કોઈપણ માણસ રાખો તેની કોઈ જાતની જવાબદારી પીજીવીસીએલ કંપનીની રહેશે નહીં અને તે અંગે પુર્વ મંજુરી લેવાની રહેશે તેમજ તેની વાણી, વર્તન કર્મચારી સામે સહકાર ભર્યુ હોવુ જોઈએ.

(૨૫) આ સિવાયના પી.જી.વી.સી.એલ. ના કામ અંગેના તમામ નિયમો તમોને આપોઆપ લાગુ પડશે.

(૨૬) ઝેરોક્ષ કામ કરનારને પી.જી.વી.સી.એલ. તરફથી કોઈ વેતન ચુકવવામાં આવશે નહીં અને તેનો કોઈપણ જાતનો હકક કે હીસ્સો રહેશે નહીં.

(૨૭) જરૂરી કાગળ તેમજ અન્ય વસ્તુઓનો તમારે પુરતો સ્ટોક રાખવાનો રહેશે.

(૨૮) પી.જી.વી.સી.એલ. કંપનીને મશીનની જગ્યા બદલાવવાનો અબાધીત અધિકાર રહેશે.

(૨૯) ન્યાય ક્ષેત્ર રાજકોટ રહેશે.

(૩૦) બિલ મુકતી વખતે ટોટલની ભુલ હોવી જોઈએ નહીં અને ક્ષતિવાળા બીલને હિસાબે પેમેન્ટ મોડુ થશે તો તેની કોઈ જવાબદારી પી.જી.વી.સી.એલ ની રહેશે નહીં.

(૩૧) ***પીજીવીસીએલ કોર્પોરેટ ઓફીસ સિવાય બીજી કોઈ જગ્યાએ / દુકાને આપ ઝેરોક્ષનું કામ કરતા નથી તેવું બાહેંધરીપત્રક આપવાનું રહેશે.***

વિશેષ મુખ્ય ઈજનેર (ટેક)
પીજીવીસીએલ– રાજકોટ